પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૮ | ૨૮ ઓગસ્ટ, ૨૦૧૭, સોમવાર ; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પેટ્રોલમાં ત્રણ વર્ષનો સૌથી વધુ ભાવ

જુલાઈ માસમાં છેલ્લા ત્રણ વર્ષનો સૌથી વધુ ભાવ પેટ્રોલનો નોંધાયો હતો. જુલાઈ માસમાં ટુકડે ટુકડે પેટ્રોલનો ભાવ ૬ રૂ. વધ્યો હતો.

### પાકિસ્તાનમાં આરંભાયો આંતરીક ગજગ્રાહ

પાકિસ્તાનના રાજકારણમાં આંતરીક ખેંચાખેંચી વધી ગઈ છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના બીલાવલ ભુટ્ટો ઝરદારીએ મુસ્લિમ લીગ અને નવાઝ પર આક્ષેપ કરતાં જણાવ્યુ હતુ કે પાકિસ્તાન દુનિયાથી એકલુ પડી ગયુ છે હવે ઈમરાન ખાન કે નવાઝ શરીફ કોઈ પરિસ્થિતિને થાળે પાડવા સક્ષમ નથી.

### અન્ના ડીએમકે એનડીએમાં જોડાશે

દક્ષિણ ભારતમાં એનડીએ ધીમે ધીમે પગપેસારો કરે છે. જેના ભાગરૂપે અન્ના ડીએમકે આગામી સપ્તાહમાં એનડીએ સાથે જોડાઈ જશે.

### પીવી સિન્ધુને સિલ્વર

ભારતની બેડમિન્ટન ખેલાડી પીવી સિન્ધુને વર્લ્ડ ચેમ્પિયનશીપમાં રોમાંચક મેચ હારી જતા સિલ્વર ચંદ્રક મળ્યો છે. જાપાનની ઓકુહારા સામે સિન્ધુ રવિવારે હારી ગઈ હતી.

# આજે બાબા રામ રહીમને સજા ફરમાવાશે

## રોહતક જેલમાં સજાની જાહેરાત થશે : બાબા ગુરમિત રામ રહીને દોષિત ઠેરવવામાં આવ્યા બાદ વ્યાપક હિંસાને ધ્યાનમાં લઇને સાવચેતીપૂર્વક પગલા લેવાશે

પંચકુલા, તા.૨૭

હિંસાની વ્યાપક દહેશત અને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હવે સિંહને આવતીકાલે સજા અંગેની જાહેરાત કરવામાં આવનાર છે. વ્યાપક હિંસા થયા બાદ હવે તેમને



આવતીકાલે રેપના કેસમાં અપરાધી જાહેર કરવામાં આવેલા ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમ રોહતકની જેલમાં જ સજા કરવામાં આવનાર છે. બીજી બાજુ બાબાને સજા કરવામાં આવ્યા બાદ ભડકી ઉઠેલી હિંસામાં મોતનો આંકડો હવે વધીને ૩૬ ઉપર પહોંચી ગયો છે. રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. પંચકુલામાં સૌથી વધારે હાલત ખરાબ થઈ હતી. મોટા ભાગના વિસ્તારોમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. અગાઉ ડેરા સચ્ચા સૌદાના વડા વિવાદાસ્પદ બાબા ગુરમિત રામરહીમ સિંહને પંચકુલામાં ખાસ સીબીઆઈ કોર્ટે ૨૫મી ઓગષ્ટના દિવસે બળાત્કારના કેસમાં દોષિત જાહેર કર્યા બાદ તરત જ જ્યુડિશિયલ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હવે આવતીકાલે તેમને કેટલા વર્ષની સજા કરવામાં આવે છે તેના પર તમામની નજર કેન્દ્રિય થઈ ગઈ છે. બાબાને અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ વ્યાપક હિંસા થયા પછી હવે તમામ બાબતોને ધ્ધ્યાનમાં રાખવામાં આવનાર છે. બાબા રામ રહીમને હવે કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા નહીવત છે. તેમને સીધી રીતે વિડિયો કોન્ફરેન્સિંગ મારફતે સજાની જાહેરાત કરવામાં આવી શકે છે. તેમને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ દેશના પાંચ રાજ્યો હિંસાથી હચમચી ઉઠ્યા હતા. જેમાં ૩ લોકોના મોત થયા હતા. રેપના અપરાધીને લઘુત્તમ સાત વર્ષની અને મહત્તમ ૧૦ વર્ષની સજા કરવામાં આવી શકે છે. કેટલીક અન્ય કલમ ઉમેરી દેવામાં આવે તેવી પણ શક્યતા છે. ૨૫મી ઓગષ્ટના દિવસે પંચકુલા ખાસ કોર્ટમાં ચુકાદો આવતા પહેલા જ કોર્ટ રુમની બહાર જોરદાર ડ્રામાબાજી સર્જાઈ હતી. અનેક પ્રકારના વળાંકો આવ્યા હતા. જજ જગદીપસિંહ નક્કી કરવામાં આવેલા સમયે ૨.૩૦ વાગે ચુકાદો આપી શક્યા ન હતા. કારણ કે, બાબા રામરહીમ મોડેથી કોર્ટ પહોંચ્યા હતા. કોર્ટ સંકુલથી એક કિલોમીટરની હદની બહાર બાબાના હજારો સમર્થકો એકત્રિત થઈ ગયા હતા. ચુકાદો આવતા પહેલા જ પંચકુલા અને આસપાસના વિસ્તારોમાં વિજળી કાપી નાંખવામાં આવી હતી.

## પંચકુલામાં સંપૂર્ણ શાંતિ : હિંસામાં મૃત્યુ આંક ૩૭ પર પહોંચ્યો

### પંચકુલા-સિરસામાં સંચારબંધી હળવી થઈ : પંજાબમાં અનેક ભાગોમાં પણ સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થયો




પંચકુલા, તા. ૨૭

હરિયાણાના પંચકુલા અને સિરસામાં આજે સ્થિતિ સંપૂર્ણ શાંતિપૂર્ણ રહી હતી. પંચકુલામાં ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમિત રામ રહીમને ખાસ સીબીઆઈ કોર્ટ દ્વારા બળાત્કારના કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. સ્થિતિમાં સુધારો થયા બાદ પંચકુલા અને સિરસામાં સંચારબંધીને હળવી કરવામાં આવી છે જ્યારે હરિયાણાના કેથાલ શહેરમાં સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે.

હિંસામાં મોતનો આંકડો વધીને હવે ૩૬ ઉપર પહોંચી ગયો છે. શુક્રવારે પંચકુલાની ખાસ સીબીઆઈ કોર્ટ દ્વારા ગુરમિત રામ રહીમ સિંહને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા ત્યારબાદ મોટી કાર્યવાહી હાથ ધરીને શનિવારે મનોહરલાલ ખટ્ટર સરકારે હરિયાણામાં જોરદાર સપાટો બોલાવીને ડેરાના ૩૦થી વધુ સેન્ટરોને સીલ કરી દીધા હતા. શુક્રવારની હિંસાના અનુસંધાનમાં હાઈકોર્ટ તરફથી ટિકાટિપ્પણીનો સામનો કર્યા બાદ આ સેન્ટરો સીલ કરાયા હતા. ડેરાના સમર્થકો પાસેથી એકે ૪૭ સહિત ચાર રાયફલો, પિસ્તોલ, પેટ્રોલ બોંબ પણ મળી આવ્યા હતા.

# આસ્થાના નામે હિંસા નહીં ચલાવાય : મોદી

## મન કી બાત કાર્યક્રમમાં વિવિધ મુદ્દે ચર્ચા : કાયદાઓને પોતાના હાથમાં લેવાનો કોઇને અધિકાર નથી

નવીદિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષયો ઉપર ફરી એકવાર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ પોતાની મન કી બાત કાર્યક્રમમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આસ્થાના નામ ઉપર હિંસાને કોઈ કિંમતે મંજુરી આપવામાં આવશે નહીં. મોદીએ પોતાના રેડિયો કાર્યક્રમને સંબોધતા કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં પ્રધાનમંત્રી જનધન યોજના સાથે ૩૦ કરોડ પરિવારોને જોડી દેવામાં આવ્યા છે. તેમના બેંક ખાતામાં ૬૫૦૦૦ કરોડ રૂપિયા જમા કરી દેવામાં આવ્યા છે. જનધન યોજના ૨૮મી ઓગસ્ટના દિવસે ત્રણ વર્ષ પુરા કરી લેશે. ૩૦ કરોડ નવા પરિવારોને આની સાથે જોડી દેવામાં આવ્યા છે. આ સંખ્યા અનેક દેશોની વસ્તી કરતા પણ વધારે છે. તેમણે કહ્યું હતું કે, ગરીબ અને વંચિત લોકો રાષ્ટ્રીય અર્થતંત્રના મુખ્ય હિસ્સા તરીકે બની ચુક્યા છે. ગરીબ લોકો પૈસા બચાવી રહ્યા છે અને સુરક્ષાનો અનુભવ કરી રહ્યા છે. જો હાથમાં પૈસા રહેશે તો ઈચ્છીત ઈચ્છાઓને પૂર્ણ કરી શકાય છે. ઘણી વખત વધારે પૈસા પણ ખર્ચ થઈ જાય છે. સંયમનું વાતાવરણ સર્જવાની જરૂર દેખાઈ રહી છે. ગરીબ વ્યક્તિ પણ માને છે કે, બચેલા નાણાનો ઉપયોગ કોઈ સારા હેતુ માટે અથવા



# મેવેદરે મેકગ્રેગરને ૧૦ રાઉન્ડમાં પછાડ્યો

## દુનિયાની સૌથી મોંઘી ફાઇટને એક અબજથી વધુ લોકોએ નિહાળી : મિક્સ્ડ માર્શલ આર્ટ ચેમ્પિયન મેકગ્રેગરને હાર આપી ૫૦ ફાઇટ સુધી એક પણ ફાઇટ ન હારવાનો મેવેદરનો રેકોર્ડ અકબંધ : નિવૃત્તિની જાહેરાત કરી

લાસવેગાસ, તા.૨૭

અમેરિકાના પ્રોફેશનલ અપરાજિત બોક્સર ફ્લાયડ મેવેદરે ફરી એકવાર પોતાની કુશળતા સાબિત કરીને ક્યારે પણ ન હારવાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. મિક્સ્ડ માર્શલ આર્ટ્સ ચેમ્પિયન કોનોર મેકગ્રેગરને ૧૦ રાઉન્ડમાં હાર આપીને મેવેદરે હજુ સુધીની સૌથી મોંઘી ફાઈટ જીતી લીધી હતી. ૩૮૪૦ કરોડ રૂપિયા દાવ ઉપર હતા. હાર અથવા જીતની સ્થિતિમાં ઓછામાં ઓછા ૫૦૦ કરોડ રૂપિયા તો મળી જ ગયા હતા. વિજેતા બનેલા મેવેદરને વિનિંગ બેલ્ટ તરીકે મગરના ચામડાથી બનેલી બેલ્ટમાં ૩૩૬૦ હીરા, ૬૦૦ નિલમ અને ૩૦૦ પન્ના જોડાયેલા છે. આ ઉપરાંત આ બેલ્ટમાં ૧.૫ કિલોગ્રામ સોનું લગાવવામાં આવ્યું છે. આ હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ફાટિ ટી મોબાઈલ એરેનામાં લાસવેગાસમાં યોજાઈ હતી. ફાઈટ માટેની કેટલીક સીટો છ-છ લાખ રૂપિયામાં વેચાઈ હતી. દુનિયાની સૌથી મોંઘી ફાઈટ અમેરિકાના લોકપ્રિય શહેર લાસવેગાસમાં યોજાઈ હતી. આ મુકાબલાની ટિકિટો, ટીવી પ્રસારણ, સ્પોન્સરશીપને મળીને ૩૮૪૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જાણકાર લોકોનું કહેવું છે કે, આ અગાઉ ક્યારે પણ આટલી મોંઘી ફાઈટ થઈ નથી. મની નિકનેમથી લોકપ્રિય મેવેદરે પહેલા રિટાયર્ડમેન્ટ પણ લઈ લીધું હતું પરંતુ ફરી એકવાર વાપસી કરી હતી. મેવેદરે છેલ્લા બે વર્ષમાં કોઈપણ ફાઈટ રમી નથી જ્યારે બીજી બાજુ મેકગ્રેગરે છેલ્લી ફાઈટ

● અનુસંધાન પાન-૭ પર




### સૌથી મોંઘી ફાઇટની વિશેષતા...

| | |
|---|---|
| ફાઈટ માટે સ્થળ | લાસવેગાસ |
| ફાઈટ માટે સેન્ટર | ટી મોબાઈલ એરેના |
| રાઉન્ડની ફાઈટ | ૧૨ |
| મેવેદરની જીત | ૧૦ રાઉન્ડમાં |
| કરોડ દાવ પર હતા | ૩૮૩૨ |
| લોકોએ મેચ નિહાળી | ૧ અબજ |
| હાર-જીત પર રકમ | ૫૦૦ કરોડ |
| વિનિંગ બેલ્ટ | ૩૩૬૦ હીરા, ૧.૫ કિલો સોનું |
| ટિકિટની કિંમત બોલાઈ | ૬ લાખ |
| મેવેદરે સતત ફાઈટ જીતી | ૫૦ |
| મેવેદર વર્લ્ડ ચેમ્પિયન રહ્યો | ૦૫ |

# ધંધુકા પાસે જીપ-ટ્રક વચ્ચે અકસ્માતમાં જૈન પરિવારના અગિયારના મોત

## બરવાળા-ધંધુકા હાઇવે પર તગડી ગામ નજીક અકસ્માત : જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી

અમદાવાદ,તા. ૨૭

અમદાવાદ-બરવાળા ધંધુકા હાઈવે પર આજે વહેલી સવારે તુફાન જીપ અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં જૈન પરિવારના ૧૧ વ્યકિતઓના કરૂણ મોત નીપજતાં જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. એક જ પરિવારના સભ્યોના મોતના સમાચારને પગલે લોકોમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ અકસ્માત સિવાય ધંધુકા પાસે ગુંદી ફાટક નજીક એક કાર પલટી ખાઈ જતાં બે વ્યકિતના ઘટનાસ્થળે જ મોત નીપજયા હતા, જયારે ત્રણ જણા ઘાયલ થયા હતા. આ ધંધુકા હાઈવે પર અકસ્માતના બે બનાવમાં ૧૩ વ્યકિતના મોત નીપજતાં આજનો રવિવાર ગોઝારા અકસ્માતનો દિવસ બની રહ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ગુજરાતના તારાપુર નજીકના પચેગામના વતની અને મુંબઈ સ્થાયી થયેલા શાહ પરિવારના સભ્યો આજે સવારે જૈન તીર્થધામ પાલિતાણા દર્શન કરવા તુફાન જીપમાં જઈ રહ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

## હાર્દિક અભિનંદન




### શ્રી પી.બી. પટણી (પૂર્વ આઈ.એ.એસ.)

કન્વીનરશ્રી - દેવીપૂજક સમાજ સંકલન સમિતિ

સમાજના રાજકીય અગ્રણીઓ, અધિકારીઓ, વિવિધ સંગઠનના હોદ્દેદારો, સમાજના ક્ષેત્રના વ્યવસાયના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સંકલન સમિતિની રચના કરવામાં આવી તેમાં આપની સર્વાનુમતે કન્વીનર પદે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ આપના નેતૃત્વમાં સમાજનો સર્વાંગી વિકાસ થાય એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

સલાહકાર તરીકે શ્રી નાથાભાઈ ચુનારા (ચેરમેનશ્રી એન.ટી./ડી.એન.ટી નિગમ)ની વરણી કરવામાં આવી છે, સમિતિની બીજી બેઠક તા. ૨૦/૮/૨૦૧૭ના રોજ કન્વીરનરશ્રીની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં શ્રી નટુભાઈ મકવાણા (ડે. ચેરમેનશ્રી એન.ટી. / ડી.એન.ટી. નિગમ)ની સહકન્વીનર તરીકે વરણી કરવામાં આવી છે તે બદલ હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન...

**શુભેચ્છકો**

ગુજરાત દેવીપૂજક વિકાસ પરિષદ
અમદાવાદ દેવીપૂજક વિકાસ ટ્રસ્ટ
જામનગર દેવીપૂજક વિકાસ મંડળ
એસ.ડી.એમ.
મેયાભગત દેવીપૂજક સમાજ ટ્રસ્ટ, અમરેલી
પટણી સેવાભાવિક યુવક મંડળ, પાટણ
દેવીપૂજક સમાજ કેળવણી મંડળ, નવસારી
દેવીપૂજક હાર્દિક એજ્યુકેશન ટ્રસ્ટ, જુનાગઢ
વિચરતી વિમુક્ત વિકાસ પરિષદ
શાકમાર્કેટ એસોસીએશન, ગાંધીનગર

# પટનામાં લાલુ યાદવની ભાજપ વિરોધી રેલીમાં વિપક્ષી નેતાઓનું શક્તિ પ્રદર્શન

## લાલૂની ભાજપ વિરોધી રેલીમાં મમતા, અખિલેશ, શરદ હાજર : જેડીયુની ચેતવણી છતાં શરદ યાદવ હાજર રહેતા હકાલપટ્ટી નિશ્ચિત ભારે જનમેદની ઉમટી

પટણા,તા.૨૭

આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવ તરફથી બોલાવવામાં આવેલી વિપક્ષી પાર્ટીઓની મહારેલીમાં શક્તિ



પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ મહારેલીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ, જેડીયુના નારાજ નેતા શરદ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ પણ આમા ઉપસ્થિત રહ્યા હતા જેમાં ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે. આ બેઠકમાં કોંગ્રેસના સીપી જોશી, એનસીપીના તારિક અવનર, આરએલડીના ચૌધરી જયંતસિંહ, સીપીઆઈના સુધાકર રેડ્ડી, જેએમએમના નેતા અને ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન, બાબુલાલ મારન્ડી, ડીએમકેના નેતાઓ પણ હાજર રહ્યા હતા. એક જ મંચ ઉપર જુદી જુદી પાર્ટીઓના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેડીયુના પૂર્વ પ્રમુખ શરદ યાદવ રાષ્ટ્રીય જનતા દળમાં જોડાઈ ગયા છે. આની સાથે જ તેઓ કોઈ પાર્ટી બનાવશે કે કેમ તેને લઈને ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો છે. પટણામાં ગાંધી મેદાન ખાતે આયોજિત દેશ બચાવો, ભાજપ ભગાવો રેલીમાં વિપક્ષી એકતા જોવા મળી હતી. સ્ટેજ ઉપર લાલૂ યાદવે તમામનું સન્માન કર્યુ હતું. ગળે મળતા પહેલા શરદ યાદવ સાથે લાલૂએ હાથ મિલાવ્યા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય